# શિક્ષકની નિષ્ફળતાના કારણો

આ લેખ લખવા બેઠો તે પૂર્વે કેટલાક પરિચિત શિક્ષકોના ચહેરા નજર સામે રમવા લાગેલા. ત્યારે મનમાં જ પ્રશ્ન થયેલો કે તેમાંથી અમુક શિક્ષક સફળ થયાં છે તો અમુક શિક્ષક નિષ્ફળ નિવડયા છે. આમ કેમ બન્યું છે. વિચારણા કરતાં અને મારા પોતાના અનુભવને કારણે શિક્ષકની નિષ્ફળતા માટે મહત્ત્વના કારણો મળ્યા. જે કારણોથી જેટલા શિક્ષકો દૂર રહેશે તેટલા પ્રમાણમાં સફળતાનો આંક ઊંચે જવાની ગેરંટી.

કેટલાક શિક્ષકોને પોતાના વિચર્થી પર વિશ્વાસ જ હોતો નથી. કોઇ વિચર્થી મોડો આવ્યો કે કોઇ માંગણી લઇને આવે ત્યારે વિચર્થી પોતાની હકીકત રજૂ કર તો કેટલાક શિક્ષક વિદ્યાર્થીની વાત સાંભળ્યા વગર જ તેને વચ્ચે જ અટકાવી દેશે અને પોતાનો રોફ જમાવીને તેને ખખડાવી નાંખે છે. આમ કરતાં વિદ્યાર્થીની નજરમાંથી તે નીચો અને અપ્રિય થઇ પડે છે. શિક્ષક એવું માનતો હોય છે કે વિદ્યાર્થી ખોટું બોલે છે, પોતાની બનાવટ કરે છે. આવી ગ્રંથિમાંથી શિક્ષકે બહાર આવી જવાની જરૂર છે. શિક્ષકે વિદ્યાર્થી પર વિશ્વાસ મૂકવો જોઇએ.

કેટલાક શિક્ષકો પોતાની જાત માટે એવું માનતા હોય છે કે પોતે પોતાના વિષયમાં હોશિયાર ચે, તેને બધુ જ આવડે છે. હકીકતમાં આજના વિચર્થીને પાઠચપુસ્તક જેટલું જ શીખવામાં કે જાણવામાં રસ નથી. એટલું તો તે પોતાના ગેર બેસીને પુસ્તક વાંચીને પણ ીખી કે જાણી શકે છે. તેને કશુંક નવું વધારાનું પણ જોઇએ છે. જે શિક્ષક ન આપે તો તે નિષ્ફળ જાય છે. અહીં તેને પૂરતી તૈયારી અને વદારાની માહિતી લઇને જવું જોઇએ.

કેટલાક શિક્ષકોની શીખવવાની પીંતિ વિદ્યાર્થીઓને ગમતી નથી. એક જ ઢબથી સામાન્યકક્ષાના પ્રત્યાચમ સાથે, વિચર્થીની સહભાગીદારિતા વગર શીખવવાનો પ્રયત્ન કરો શિક્ષક હંમેશા નિષ્ફળ જાય છે. પોતે જ બોલ બોલ કરે અને વિદ્યાર્થીને સાંકળે નહીં, તેમજ પોતાના કથનમાં વૈવિધ્યતા ન લાવે તે શિક્ષક નિષ્ફળ જાય છે. શીખવવાની પીંતિ વિદ્યાર્થીને રસ પડે તેવી હોવી જોઇએ. વિદ્યાર્થીને કેવી રીતે અને કઇ બાબતમાં રસ પડે છે તેની જાણકારી જે શિક્ષક પાસે ન હોય તે નિષ્ફળ જાય છે.

કેટલાક શિક્ષકોને વર્ગખંડમાં બડાઇ મારવાની ટેવ હોય છે. તેઓ વાતવાતમાં પોતાની જાત માટે બડાઇ મારતા હોય છે. આવી બાબતો પણ વિચર્થીઓને નથી ગમતી. આ મટે કેટલાક શિક્ષકો તો એટલી અતિશ્યોક્તિ કરતા હોય છે કે તેની ગણના ગાંડા માણસમાં કે બડાઇખોરમાં થવા લાગે છે. આજનો વિદ્યાર્થી આવી બાબત પસમદ કરતો નથી અને શિક્ષકને સહેલાઇથી ઓળખી શકે તેવો છે.

કેટલાક શિક્ષકોને વર્ગખંડમાં રોફ જમાવતા પણ જોયા છે. વાતવાતમાં ગુસ્સે થઇ જવું. પોતે જે કહે તે જ સત્ય. વિચર્થીને ઉતારી પાડવો. પોતાની હાજરીમાં આમ જ થવું જોઇએ, નહીં તો નહીં ચાલે વગેરે. ટૂંકમાં વર્ગખંડમાં પોતાનું આધિપત્ય જમાવતા અને રોફ કરતા શિક્ષકો પણ નિષ્ફળ જાય છે.

વર્ગખંડમાં શીખવવાની અને શીખવાની પ્રક્રિયા જો જીવંત હોય તો જ સફળતા મળે. વર્ગનું વાતાવરણ સાવ શુષ્ક હોય, વિદ્યાર્થીઓ મડદાની જેમ બોલ્યા ચાલ્યા વગર બેસી રહ્યા હોય અને શિક્ષક પણ ગોખેલું બોલતા હોય તેમ રેડિયાની જેમ ભાષણ આપતા હોય તો વર્ગનું વાતાવરણ જીવંત ન જ બને. આવા વાતાવરણનો સર્જક શિક્ષક જ હોય છે અને જે નિષ્ફળતાને જ વરે છે. હકીકતમાં વર્ગખંડનું વાતાવરણ સતત વિવિધ રીતે જીવંત બનાવે અને ટકાવે તે જ શિક્ષક સફળ થાય છે.

કેટલાક શિક્ષકોની શીખવવાની પદ્ધતિ કે ઢબ કે વ્યવહાર દરરોજ સમાન કે સામાન્ય હોય છે. જે બાબત વિચર્થીઓને ઉદાસીનતા તરફ વાળે છે. કેટલાક શિક્ષકોને નવું જાણવામાં કે નવું કરવામાં રસ જ હોતો નથી. તેઓ નવી યુક્તિ કે પ્રયુક્તિ વાપરતા જ નથી. તેમના મનમાં તેઓ જે કરે છે તે જ યોગ્ય છે, તે શીવાય અન્ય કોઇ પદ્ધતિ કે પ્રયુક્તિ સારી

છે જ નહીં તેમ માનતા હોય છે. હકીકતમાં તેમણે નવું જાણવાનો કે કરવાનો પ્રયત્ન જ કર્યો હોતો નથી. પોતાની જાત અને પોતાની રીતને જ શ્રેષ્ઠ માનતા હોય છે, આવા શિક્ષકો ક્યારેય સફળ થઇ શકે નહીં.

વર્ગખંડનું વાતાવરણ લોકશાહી ભર્યું ન સર્જતા શિક્ષકો પણ નિષ્ફળ જાય છે. સરમુખ્યતાર બનતા શિક્ષકો પોતાની જાતને રાજા માનતા હોય છે. પણ એ ભૂલી જાય છે કે રાજાની ફરજ પ્રજાનું કલ્યાણ કરવાની હોય છે. લોકશાહી વગરના, સ્વતંત્રતા વગરના વાતાવરણમાં બેઠેલા વિદ્યાર્થીઓ જેલમાં પૂરાયેલા કેદીની માફક વર્તતા હોય છે. તેઓનો અવાજ ગૂગળાવાથી તેઓ હતાશ બનીને શિક્ષકના આદેશોનું પાલન કરતા હોય છે. બોલ્યાચાલ્યા વગર કે વિચાર્યા વગર શિક્ષકનો તાસ પૂરો તાય તેની જ રાહ જોતા હોય છે. વિદ્યાર્થીઓને બોલવાની કે ચોક્કસ વર્તન કરવાની તક પૂરી ન પાડતો શિક્ષક પણ નિષ્ફળ જાય છે. વિદ્યાર્થીઓ વર્ગમાં શિક્ષકને માત્ર સાંભળવા જ નથી આવતા. તેઓ શિક્ષકને સાંભળીને, જોઇને, પોતાની સમસ્યાને રજૂ કરીને કસુંક શીખવા માટે આવતા હોય છે.

દરેક શિક્ષકમાં કોઇને કોઇ વિશષેતા હોવી જ જોઇએ. તો જ તમે વિદ્યાર્થીઓમાં પ્રિય અને ચર્ચાનું કેન્દ્ર બની શકશો. તમારી વિશેષતા જ તમને લોકપિય બનાવશે. આવી વિશેષતા શીખવવાની પીતિમાં હોય કે વિદ્યાર્થી સાથેના વર્તનમાં હોય કે તમારી બોલવાની છટામાં હોય કે તમારા પહેરવેશમાં હોય કે તમારા જ્ઞાનમાં હોય. ભલે ગમે તે બાબતમાં પણ તમે બીજા કરતા અલગ પડવા જ જોઇએ.

વર્ગખંડમાં શિક્ષકનો વ્યવહાર જરૂરિયાત મુજબ રમૂજી અને મિત્રતા ભર્યો પણ હપવો જોઇએ. તો જ વિદ્યાર્થીઓ તમારી નજીક રહેશે. હા, તેની ચોક્કસ મર્યાદા હોવી જોઇએ. વિદ્યાર્થીઓ ભય અને ડર વગર પોતાની વાત કહી શકે તેવી મિત્રતા નહીં કેળવનાર શિક્ષક પણ નિષ્ફળ જાય છે.

વર્ગખંડમાં બૂમબરાડા પાડતો કે મોટેમોટેથી વાતવાતમાં ગુસ્સે થઇ જતો શિક્ષક પણ નિષ્ફળ જાય છે. આવા શિક્ષકો વિદ્યાર્થીના મનમાંથી ઊતરી જાય છે. વિદ્યાર્થીઓ તેની મજાક ઉડાવતા હોય છે. પોતાની વાણીમાં મીઠાસ અને કથનની રજૂઆતમાં જે શિક્ષક કાળજી રાખતો નથી તે પણ નિષ્ફળ જાય છે.

કેટલાક શિક્ષકોને બીજા શિક્ષકની કૂથલી કરવામાં એટલે કે અન્ય શિક્ષકને હલકો પાડવાની ટેવ હોય છે. આવા શિક્ષકો પણ નિષ્ફળ જાય છે. કારણ કે, દરેક વ્યક્તિ સંપૂર્ણ હોતી નથી. તમારામાં જે વિશેષતા કે મર્યાદા છે તે અન્યમાં ન હોય તેનો સ્વીકાર નહી કરનાર શિક્ષક અન્ય શિક્ષકને હલકો ચીતરીને પોતે મોટો બનવાનો પ્રયત્ન કરતો હોય છે. ત્યારે આવા શિક્ષકો નિષ્ફળ નીવડે છે.

મૂલ્યાંકનમાં કે નિર્ણયમાં તટસ્થતા નહીં દાખવનાર શિક્ષક પણ નિષ્ફળ જાય છે. સમાન બાબતમાં જુદાજુદા નિર્ણય લેનાર શિક્ષક વિદ્યાર્થીને પસંદ નથી. ચોક્કસ બાબત અને પરિસ્થિતિમાં એક વિદ્યાર્થીને હા કહેવી અને અન્યને ના પાડવી તે બાબત શિક્ષક માટે યોગ્ય નથી. સમાન બાબત માટે સમાન વ્યવહાર ન કરનાર શિક્ષક અપ્રિય થઇ પડે છે.

શિક્ષક જ્યારે શીખવતા હોય ત્યારે  પોતાનું શીખવવાનું અટકાવીને સામાન્ય બાબતમાં વિદ્યાર્થીને ખખડાવવો કે ઊતારી પાડવો તે પણ યોગ્ય નથી. વિદ્યાર્થીઓ જીવંત છે, નાનુંમોટું પરિવર્તન વર્ગમાં થવાનું જ છે. તો સાવ સામાન્ય બાબતમાં ડિસ્ટર્બ થઇને શીખવવાનું અટકાવનાર શિક્ષક અન્ય તમામ વિદ્યાર્થીઓને ડિસ્ટર્બ કરે છે. શીખતા વિદ્યાર્થીઓના મનને વિચલિત કરે છે. આવું વારંવાર કરતો શિક્ષક પણ નિષ્ફળ જાય છે.

પોતાનું જ ધાર્યું અને પોતાનું જ ગમતું કરનાર શિક્ષક વર્ગખંડમાં કયરેય સફળ થતો નથી. શિક્ષક માટે વિદ્યાર્થી નથી, પણ વિદ્યાર્થી માટે શિક્ષક છે. એવું નહીં સમજનાર શિક્ષક પોતાની જ પસંદગીનું કરશે તો તે ક્યારેય સફળ નહીં જ થઇ શકે.